નવસારીની યુવતી સગા ભાઈના બાળકની માતા બનશે

ભાઈના દુષ્કર્મથી ગર્ભવતી બનેલી સગીરાના ગર્ભપાતને હાઈકોર્ટનો ઇનકાર

સુરત સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટને તમામ સારવાર આપવા આદેશ

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટે સગા મોટા ભાઈના દુષ્કર્મનો ભોગ બનેલી નવસારીની 17 વર્ષીય સગીરાના 34 અઠવાડિયાના ગર્ભનો ગર્ભપાત કરવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે. મેડિકલ બોર્ડે આ તબક્કે ગર્ભપાત કરવાથી સગીરાના જીવ અને ભવિષ્યની માતૃત્વ ક્ષમતા માટે ગંભીર જોખમ હોવાનું અભિપ્રાય આપતાં કોર્ટે કુદરતી પ્રસૂતિ સુધી ગર્ભાવસ્થા ચાલુ રાખવાનો આદેશ કર્યો છે.

આ સમગ્ર ચકચારી ઘટનાનો ખુલાસો એક સામાન્ય આરોગ્ય તપાસ દરમિયાન થયો હતો. સગીરા પોતાની મોટી બહેન સાથે તેના બાળકને પોલિયોના ટીપાં પીવડાવવા માટે આંગણવાડી કેન્દ્ર પર ગઈ હતી. ત્યાં હાજર આરોગ્ય કાર્યકરને સગીરાની શારીરિક સ્થિતિ અંગે શંકા જતાં પ્રેગ્નન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તે ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. સોનોગ્રાફીમાં સગીરા સાત મહિનાથી વધુ ગર્ભવતી હોવાનું જાણવા મળતાં ડૉક્ટરે કાયદાકીય ફરજના ભાગરૂપે પોલીસને જાણ કરી હતી. ડૉક્ટરની જાણ બાદ પોલીસે પૂછપરછ કરતાં સગીરાએ પોતાના જ સગા મોટા ભાઈએ તેની સાથે અનેક વખત દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું. આ નિવેદનના આધારે બીલીમોરા પોલીસે ભાઈની ધરપકડ કરીને તેને જેલમાં મોકલી આપ્યો હતો. આ દરમિયાન સગીરાના વતી ગુજરાત હાઈકોર્ટમાં ગર્ભપાતની મંજૂરી માટે અરજી કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના આદેશથી સુરત સિવિલ હોસ્પિટલના મેડિકલ બોર્ડે સગીરાની તબીબી તપાસ કરીને અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે ગર્ભ આશરે 34 અઠવાડિયાનો છે, ભ્રૂણ સંપૂર્ણ જીવંત છે અને તેનું વજન બે કિલોથી વધુ છે. આ તબક્કે ગર્ભપાત કરવાથી સગીરાના જીવને ગંભીર જોખમ ઊભું થઈ શકે છે તેમજ ભવિષ્યમાં માતા બનવાની ક્ષમતા પર પણ પ્રતિકૂળ અસર પડી શકે છે. તેથી મેડિકલ બોર્ડે ગર્ભપાત ન કરીને કુદરતી પ્રસૂતિ સુધી ગર્ભાવસ્થા ચાલુ રાખવાની ભલામણ કરી હતી.

મેડિકલ બોર્ડના અભિપ્રાયને ગ્રાહ્ય રાખતાં ગુજરાત હાઈકોર્ટે ગર્ભપાતની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે સુરત સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટને સગીરાની પ્રસૂતિ સુધી વિશેષ તબીબી દેખરેખ રાખવા તથા જરૂરી તમામ સારવાર ઉપલબ્ધ કરાવવાનો આદેશ આપ્યો છે. સાથે જ નવજાત બાળકને જન્મ બાદ વિશેષ નવજાત શિશુ સંભાળ (NICU સહિત જરૂરી સારવાર) અને સમયાંતરે આરોગ્ય તપાસની સુવિધા આપવાનો પણ નિર્દેશ કર્યો છે.

પ્રસૂતિ અને તે પછીના છ મહિના સુધીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે

કોર્ટે વધુમાં જણાવ્યું છે કે પ્રસૂતિ બાદ સગીરાની સંમતિ અને બાળકની આરોગ્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને બાળ કલ્યાણ સમિતિની દેખરેખ હેઠળ નવજાત બાળકને સુરતની માન્યતા પ્રાપ્ત દત્તક સંસ્થાને સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે. પ્રસૂતિ, સારવાર, પોષણ અને પ્રસૂતિ પછીના છ મહિના સુધીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. ઉપરાંત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને પીડિત વળતર યોજના હેઠળ સગીરાને વહેલી તકે વચગાળાનું વળતર ચૂકવવાની કાર્યવાહી કરવા તથા સમગ્ર પ્રક્રિયાની સતત દેખરેખ રાખવાનો પણ કોર્ટે નિર્દેશ આપ્યો છે.

સગીરાના આરોગ્ય અને જીવનની સુરક્ષા સર્વોચ્ચઃ હાઈકોર્ટ

આ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સગીરાના આરોગ્ય અને જીવનની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેથી મેડિકલ નિષ્ણાતોના અભિપ્રાયના આધારે ગર્ભપાતની મંજૂરી આપી શકાય તેમ ન હોવાથી કુદરતી પ્રસૂતિ સુધી ગર્ભાવસ્થા ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જ્યારે બાળકના જન્મ બાદ તેની સુરક્ષા, સંભાળ અને કાયદેસરની દત્તક પ્રક્રિયા માટે પણ વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

સામાખિયાળી-ગાંધીધામ રેલખંડ પર બ્લોકને કારણે અનેક ટ્રેનો રદ અને આંશિક રદ

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ સામાખિયાળી, વોંધ અને ભચાઉ સ્ટેશનો વચ્ચે ચાલી રહેલા ચતુર્લાઈન (ક્વાડ્રપ્લિંગ) અને ઓટોમેટિક સિગ્નલિંગ પ્રોજેક્ટના કમિશનિંગ માટે નોન-ઈન્ટરલોકિંગ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને પગલે 19 જુલાઈથી 5 ઓગસ્ટ, 2026 દરમિયાન અનેક એક્સપ્રેસ અને સ્પેશિયલ ટ્રેનો સંપૂર્ણ અથવા આંશિક રીતે રદ રહેશે. પશ્ચિમ રેલવેના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે આ પ્રોજેક્ટ સામાખિયાળી-ગાંધીધામ રેલખંડ પર ટ્રેન સંચાલનની ક્ષમતા વધારવા, આધુનિક સિગ્નલિંગ વ્યવસ્થા અમલમાં મૂકવા અને મુસાફરોની સલામતી વધુ મજબૂત બનાવવા માટે હાથ ધરવામાં આવ્યો છે. નોન-ઈન્ટરલોકિંગ કામગીરીને કારણે ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ, બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલ, બાંદ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસ, ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનો અલગ-અલગ તારીખોએ સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે.

અમદાવાદમાં વરસાદી પાણીના મહત્તમ સંગ્રહ માટે 8 તળાવોનું ઈન્ટરલિંકિંગ કરાશે

અમદાવાદઃ અમદાવાદ મનપા દ્વારા શહેરમાં વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ, જળ સંરક્ષણ અને ટકાઉ જળ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલાં 8 તળાવોને પરસ્પર જોડવાની મહત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રોજેક્ટના અમલીકરણથી.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અંતર્ગત હાથ ધરાયેલી આ યોજનાનો મુખ્ય હેતુ વરસાદી પાણીનો બગાડ અટકાવી તેનો મહત્તમ સંગ્રહ કરવાનો છે. નવી ઈન્ટરલિંકિંગ વ્યવસ્થા મુજબ કોઈ એક તળાવ તેની સંગ્રહ ક્ષમતા સુધી ભરાઈ જાય ત્યારબાદ વધારાનું પાણી આપોઆપ અન્ય જોડાયેલા તળાવોમાં વહી જશે, જેના કારણે પાણીનો બગાડ અટકશે અને ઉપલબ્ધ જળ સંસાધનોનો વધુ અસરકારક ઉપયોગ થઈ શકશે.

આ યોજના હેઠળ મુમતપુરા, સંદેશ પુનિયા, કાનાજીયુ-ઓકાફ, બેદર, મલકાણી, શક્રી, નવું અને આઝાદનગર સહિત કુલ આઠ તળાવોને પરસ્પર જોડવામાં આવ્યા છે.

ઈસરોના વૈજ્ઞાનિકોના સામુહિક રાજીનામાં માટે સરકારી તંત્રની જડતા કારણરૂપ છે

ભારત તેના બ્રેઇન ડ્રેઇન માટે વિશ્વવિખ્યાત છે. ભારતના બુદ્ધિપ્રતિભા ધરાવતાં લોકોને લાગે છે કે ભારતમાં તેમની જોઇએ તેવી કદર નથી થતી; માટે તેઓ ભારત છોડીને યુરોપ-અમેરિકાના દેશોમાં જાય છે અને સારામાં સારી કારકિર્દી બનાવે છે. અમેરિકાની સિલિકોન વેલીમાં આવેલી ટેક જાયન્ટ કંપનીઓના એન્જિનિયરોથી માંડીને સીઈઓ ભારતના મૂળના હોય છે. બ્રિટનની સમગ્ર આરોગ્ય સેવા ભારતે નિકાસ કરેલા ડોક્ટરો ચલાવે છે. ભારતની વિજ્ઞાન સંસ્થાઓમાં જે અમલદારશાહી અને કાવાદાવા જોવા મળે છે, તેને કારણે તેજસ્વી વિજ્ઞાનીઓ ભારત છોડીને ચાલ્યા જાય છે, વિદેશોમાં નામ કાઢે છે અને નોબેલ પારિતોષિકો પણ જીતે છે. જો આ બધું બુદ્ધિધન ભારતમાં હોત તો ભારત આજે વિશ્વનો સૌથી સમૃદ્ધ દેશ હોત. આ બ્રેઇન ડ્રેઇન હવે ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઇસરોને પણ પરેશાન કરી રહ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ઇસરોના ૧૦૦ થી વધુ વૈજ્ઞાનિકોનાં રાજીનામાં અને સ્વૈચ્છિક નિવૃત્તિથી સરકાર વધુ ને વધુ ટેન્શનમાં આવી ગઇ છે. હવે પ્રશ્નો ઊભા થાય છે કે આ વૈજ્ઞાનિકોને રાજીનામું આપવાનું કારણ શું છે? જ્યારે ભારતના અવકાશ સંબંધિત લક્ષ્યો આટલાં ઊંચાં છે, ત્યારે વૈજ્ઞાનિકો ઇસરો છોડવાનો નિર્ણય કેમ લઈ રહ્યા છે? શું તે વધુ સારી તકો અથવા કંઈક બીજું ઇચ્છવાને કારણે છે?

ભારતમાં અવકાશ સંશોધન ક્ષેત્ર ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું ત્યારથી સ્કાયરૂટ એરોસ્પેસ, અગ્નિકુલ કોસ્મોસ, પિક્સેલ, બેલાટ્રિક્સ એરોસ્પેસ, ધ્રુવ સ્પેસ, દિગંતારા અને અન્ય ઘણા સ્ટાર્ટઅપ્સે ભારતના એરોસ્પેસ ક્ષેત્રનો ચહેરો બદલી નાખ્યો છે. આ કંપનીઓ રોકેટ, ઉપગ્રહો, પ્રોપલ્શન સિસ્ટમ્સ અને અવકાશ-આધારિત સેવાઓનું નિર્માણ અકલ્પનીય ગતિએ કરી રહી છે. ખાનગી કંપનીઓ ઘણી વાર નોંધપાત્ર રીતે વધુ સારા પગાર, વિકલ્પો, વધુ સુગમતા અને ઝડપી ગતિવાળા વર્ક કલ્ચરમાં કામ કરવાની તક આપે છે, જ્યાં વિચારો ઝડપથી ડ્રોઇંગ બોર્ડથી હાર્ડવેર તરફ આગળ વધે છે. આ ખાનગી સ્ટાર્ટઅપ્સ વૈજ્ઞાનિકોને તેમની કારકિર્દીની શરૂઆતમાં નેતૃત્વની ભૂમિકાઓ અને નવી તકનીકો અપનાવવાની તક આપે છે. આ વલણને અનુભવીને સંખ્યાબંધ ઇસરો અધિકારીઓ સરકારી નોકરી છોડી રહ્યા છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઇસરોના ઘણા નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓએ એરોસ્પેસ સ્ટાર્ટઅપ્સ શરૂ કર્યા છે અથવા તેમને માર્ગદર્શન આપ્યું છે. આ ક્ષેત્ર એક એવી ઇકોસિસ્ટમ બનાવી રહ્યું છે, જે ઇસરોમાંથી પ્રતિભાઓને આકર્ષિત કરી રહ્યું છે. તેમના અનુભવ અને વધતા જતાં ખાનગી રોકાણે ભારતના એરોસ્પેસ એન્જિનિયરો માટે કારકિર્દીના માર્ગો ખોલ્યા છે, જે પહેલાં અસ્તિત્વમાં નહોતા. હવે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે ઇસરોના આ વૈજ્ઞાનિકો પોતાની કારકિર્દીની પ્રગતિ અને વધુ આર્થિક લાભ મેળવવા માટે આવા નિર્ણયો લઈ રહ્યા છે.

ઇસરો હાલમાં અનેક મહત્ત્વાકાંક્ષી મિશન પર કામ કરી રહ્યું છે, જેમાં ગગનયાન માનવ અવકાશ મિશન, ચંદ્રયાનનો આગામી તબક્કો, એડવાન્સ્ડ સેટેલાઇટ પ્રોગ્રામ અને સંરક્ષણ અને વ્યૂહાત્મક અવકાશ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે. અનુભવી વૈજ્ઞાનિકોના એક સાથે પ્રસ્થાનથી આ બધાં મિશનોની સમયરેખા અને તકનીકી કુશળતા પર અસર પડી શકે છે. ૨૦૨૦ માં ઇસરોનાં કેન્દ્રોના ડિરેક્ટરોને વૈજ્ઞાનિકોનાં રાજીનામાં અને VRS મંજૂર કરવાની સત્તા આપવામાં આવી હતી. નવી સિસ્ટમમાં આ સત્તા પાછી ખેંચી લેવામાં આવી છે અને અવકાશ વિભાગ પાસે કેન્દ્રિત કરવામાં આવી છે. આનો અર્થ એ છે કે મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટોમાં સામેલ વૈજ્ઞાનિકો સીધાં રાજીનામું આપી શકશે નહીં; તેમનાં રાજીનામાં બાબતમાં અંતિમ નિર્ણય દિલ્હીમાં લેવામાં આવશે.

એક સમય હતો જ્યારે ઇસરો સંચાર ઉપગ્રહો તેમ જ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો બનાવી રહ્યું હતું અને ચંદ્રયાન અને મંગળયાન જેવાં મિશન પણ ચલાવી રહ્યું હતું. આજે ચિત્ર બદલાઈ ગયું છે. આજે Pixel, Skyroot, Agnikul, GalaxyEye જેવી કંપનીઓ વિદેશી રોકાણ આકર્ષી રહી છે. ભારતનું અવકાશ અર્થતંત્ર આશરે ૮.૪ અબજ ડોલર સુધી વધી ગયું છે. દેશમાં ૩૯૯ સ્પેસ સ્ટાર્ટઅપ્સ લોન્ચ વાહનો, ઉપગ્રહો, પ્રોપલ્શન સિસ્ટમ્સ અને અવકાશ-ગ્રેડ ઇલેક્ટ્રોનિક્સ જેવાં ક્ષેત્રોમાં સક્રિય છે. સરકારે ૨૦૧૯ માં ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (IN-SPACE) ની સ્થાપના સાથે અવકાશ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂક્યું. આ સંસ્થા ખાનગી ક્ષેત્ર અને સરકારી એજન્સીઓ વચ્ચે સિંગલ-વિન્ડો ઇન્ટરફેસ તરીકે કામ કરે છે. વૈજ્ઞાનિકોનાં રાજીનામાંથી હચમચી ગયેલા અવકાશ વિભાગે ઇસરોના મુખ્ય મિશનમાં સામેલ વૈજ્ઞાનિકોનાં રાજીનામાંની મંજૂરી પર પ્રતિબંધ મૂકતા નવા નિર્દેશો જારી કર્યા છે. અવકાશ વિભાગે ઇસરોનાં મુખ્ય કેન્દ્રોને ગગનયાન અને અન્ય મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રોજેક્ટો સાથે સંકળાયેલા ગ્રુપ A વૈજ્ઞાનિકો અને ટેકનિકલ સ્ટાફનાં રાજીનામાં અથવા VRS ને સામાન્ય પ્રક્રિયા હેઠળ મંજૂર ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આવા તમામ કેસો હવે અંતિમ નિર્ણય માટે સીધા અવકાશ વિભાગને મોકલવામાં આવશે. સરકારે સ્વીકાર્યું છે કે તાજેતરમાં રાજીનામાંની સંખ્યામાં વધારો થયો છે, જે રાષ્ટ્રીય મહત્ત્વના ગગનયાન સહિતના પ્રોજેક્ટોને અસર કરી શકે છે.

ભારતની અગ્રણી અવકાશ ટેકનોલોજી સંસ્થા ઇસરોના આ નિર્ણયથી અવકાશ વૈજ્ઞાનિકોમાં ચર્ચા શરૂ થઈ છે કે સ્ટાર્ટઅપ્સ અવકાશ ક્ષેત્રને કેવી રીતે મજબૂત બનાવશે અને શું આ રીતે અન્ય સંસ્થાઓના પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોને આકર્ષવા યોગ્ય છે? ઇસરોના ભૂતપૂર્વ ચેરમેન જી. માધવન નાયર કહે છે કે આ પરિસ્થિતિ આઇટી ક્રાંતિ દરમિયાન ઊભી થઈ હતી અને આ તેનું જ પુનરાવર્તન છે. આવી પ્રક્રિયા ઇસરોની પ્રવૃત્તિઓ પર ગંભીર અસર કરી શકે છે. મારું માનવું છે કે પ્રતિભાને આ રીતે અન્ય સંસ્થાઓ તરફ વાળવી જોઇએ નહીં. આ ઉદ્યોગને વિકાસ કરવાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ તેણે ISRO જેવી સ્થાપિત સંસ્થાઓમાંથી અનુભવી વ્યાવસાયિકોને લેવાને બદલે પોતાના લોકોની ભરતી અને તાલીમ આપવી જોઇએ.

જો કે, ઇસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક સચિવ પી.જી. દિવાકરને ઇસરો છોડી રહેલા વૈજ્ઞાનિકોની સંખ્યાથી આશ્ચર્ય થયું નથી. તેમનું માનવું છે કે ઇસરો મોટી સંખ્યામાં પૃથ્વી નિરીક્ષણ અને સંદેશાવ્યવહાર ઉપગ્રહો લોન્ચ કરતું હતું, પણ આજે પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહોની અછત છે. સરકારની આખી નીતિ બદલાઈ ગઈ છે. પહેલાં સરકાર રિસોર્સસેટ, કાર્ટોસેટ અને ઓશનસેટ જેવા પ્રોજેક્ટો માટે ઇસરોને પૈસા આપતી હતી. ઇસરો સામાજિક લાભ માટે આ ઉપગ્રહો બનાવતો હતો. પરંતુ હવે સરકારે વિવિધ મંત્રાલયોને તેમની જરૂરિયાતો અનુસાર પોતાના ઉપગ્રહો લોન્ચ કરવા કહ્યું છે. સામાજિક ભલા માટે ઉપગ્રહોમાં રોકાણ કરવાની જરૂરિયાતને સમજવામાં મંત્રાલયોને થોડો સમય લાગશે. જો કે, તેમને આશા છે કે ભારતમાં અવકાશ સ્ટાર્ટઅપ્સ ઝડપથી વધશે. અત્યારે વૈજ્ઞાનિકો આને એક આકર્ષક વિકલ્પ માની રહ્યા છે.

પરંતુ પ્રશ્ન એ છે કે શું વૈજ્ઞાનિકોને ઇસરો જેવી સંસ્થા જેવો વૈજ્ઞાનિક વિકાસ સ્ટાર્ટઅપ્સમાં મળશે? દિવાકર કહે છે કે આવી તક શરૂઆતમાં ઉપલબ્ધ ન પણ હોય, પરંતુ જો સ્ટાર્ટઅપ્સનો વિકાસ થશે, તો વૈજ્ઞાનિકોને પણ ફાયદો થશે અને તે ફક્ત પૈસા કમાવા પૂરતું મર્યાદિત રહેશે નહીં. માધવન નાયર અસંમત છે. તેઓ કહે છે કે ખાનગી ક્ષેત્ર કદાચ વધારે પગાર ઓફર કરશે, પરંતુ તેમનું વૈજ્ઞાનિક કાર્ય એટલું પડકારજનક નહીં હોય. તેમણે ઇસરોમાં પ્રણાલીગત સમસ્યાઓ વૈજ્ઞાનિકોને ખાનગી ક્ષેત્ર તરફ દોરી રહી છે કે કેમ તે અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. જો કે માધવન નાયરે કહ્યું કે વડા પ્રધાન મનમોહનસિંહના કાર્યકાળ દરમિયાન અમે સરકારને એ વાત સમજાવવામાં સફળ રહ્યા હતા કે અવકાશ અને પરમાણુ ઊર્જા ક્ષેત્રોને અન્ય સરકારી નોકરીઓ કરતાં અલગ ગણવામાં આવે. આ પછી, પ્રદર્શન આધારિત પ્રોત્સાહન યોજના, રોકડ પુરસ્કાર યોજના અને ખાસ પગારવધારો જેવી ઘણી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. સમય જતાં આમાંની ઘણી યોજનાઓ ધીમે ધીમે પાછી ખેંચી લેવામાં આવી. આવા નિર્ણયો લેનારા નેતાઓ અવકાશ ટેકનોલોજીની જટિલતાઓ અને જરૂરિયાતોને સંપૂર્ણપણે સમજી શકતા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઇસરોના વૈજ્ઞાનિકોનાં રાજીનામાંથી હચમચી ગયેલા અવકાશ વિભાગે ઇસરોના મુખ્ય મિશનમાં સામેલ વૈજ્ઞાનિકોનાં રાજીનામાંની મંજૂરી પર પ્રતિબંધ મૂકતા નવા નિર્દેશો જારી કર્યા છે

વાજબી ભાવની દુકાનના સંચાલકોને અપાતાં કમિશનમાં 23 ટકાનો વધારો

17 હજારથી વધુ સંચાલકોને સીધો લાભ; રાજ્ય સરકાર રૂ. 67.20 કરોડનો વધારાનો ખર્ચ કરશે

ગાંધીનગરઃ રાજ્યમાં જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવા માટે સરકારે વાજબી ભાવની દુકાનના સંચાલકોને મળતા કમિશનમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળ અંત્યોદય અન્ન યોજના (AAY) અને પ્રાયોરિટી હાઉસહોલ્ડ (PHH) પરિવારોને વિતરણ થતા ઘઉં અને ચોખા પર વાજબી ભાવની દુકાનના સંચાલકોને અત્યાર સુધી પ્રતિ ક્વિન્ટલ રૂ. 150 કમિશન ચૂકવવામાં આવતું હતું, જે હવે વધારીને રૂ. 185 કરવામાં આવ્યું છે. 1 એપ્રિલ, 2026થી અમલમાં આવનારા આ નિર્ણયથી રાજ્યના 17 હજારથી વધુ વાજબી ભાવની દુકાનના સંચાલકોને સીધો લાભ મળશે, જ્યારે તેના માટે રાજ્ય સરકાર રૂ. 67.20 કરોડનો વધારાનો ખર્ચ કરશે. સરકારના આ નિર્ણયથી જાહેર વિતરણ પ્રણાલીને વધુ મજબૂતી મળશે અને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળ પાત્ર પરિવારો સુધી અનાજનું વિતરણ વધુ અસરકારક રીતે થઈ શકશે.

વાજબી ભાવની દુકાનના સંચાલકોએ છેલ્લા કેટલાક સમયથી વાહનવ્યવહાર, મજૂરી, જાળવણી અને અન્ય સંચાલન ખર્ચમાં સતત વધારો થવાના કારણે કમિશનમાં વધારો કરવાની માંગણી કરી હતી. રાજ્ય સરકારે આ રજૂઆતને ધ્યાનમાં રાખીને પ્રતિ ક્વિન્ટલ રૂ. 35નો વધારો મંજૂર કર્યો છે.

BUSINESS મિત્ર

સોનામાં છેલ્લા છ સપ્તાહનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

તેલની 'આગ'માં ઓગળ્યું સોનું: આંતરરાષ્ટ્રીય ભાવમાં 3%નો મોટો કડાકો

મુંબઈ, તા. 18: સામાન્ય રીતે વિશ્વમાં યુદ્ધ અથવા અનિશ્ચિતતાની સ્થિતિમાં રોકાણકારો સોનાને સલામત આશ્ચર્યસ્થઆન તરીકે વળથે છે, પરંતુ આ વખતે તસ્વીર અલગ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય તણાવ છતાં સોનાના ભાવ દબાણ હેઠળ છે. આનું કારણ એ છે કે યુદ્ધના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે, જેના કાણે મોંઘવારી અને વ્યાજદર લાંબા સમયથી ઉંચા રહેવાની શક્યતા વધી છે. આ જ કારણ છે કે સોનું આ સપ્તાહે છ સપ્તાહમાં સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો તરફ આગળ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પોટ ગોલ્ડ લગભગ સ્થિર 3970.35 ડોલર પ્રતિ ઔંસ પર કારોબાર કરી રહ્યો હતો. 1લી જુલાઈ પછીનું આ સૌથી નીચું સ્તર છે. આ સપ્તાહમાં સોનાના ભાવમાં 3 ટકાથી વધુનો ઘટાડો થયો છે. તે જ સમયે ઓગસ્ટ ડિલીવરીનો યુએસ ગોલ્ડ વાયદો 0.5 ટકા ઘટીને 3973.10 ડોલર પ્રતિ ઔંસ પર બંધ રહ્યો હતો.

બજારના આંકડા અનુસાર, ફેબ્રુઆરીના અંતમાં યુએસ સમર્થિત ઈરાન યુદ્ધ શરૂ થયા પછી સોનાના ભાવમાં લગભગ 25 ટકાનો ઘટાડો થયો છે. આનું સૌથી મોટું કારણ માનવામાં આવે છે કે યુદ્ધને કારણે વધેલા ફુગાવાને કારણે કેન્દ્રીય બેંકોને લાંબા સમય સુધી વ્યાજ દરો ઊંચા રાખવાની ફરજ પડી શકે છે. ક્રુડ ઓઈલની તેજીએ બજારનો ટ્રેન્ડ બદલી નાખ્યો અમેરિકાએ ઈરાનમાં પુલો અને એરપોર્ટ પર હુમલા કર્યા હતા, જેના જવાબમાં ઈરાને મીડલ ઈસ્ટમાં યુએસ સૈન્ય મથકો પર નિશાન બનાવ્યું હતું. આ ઘટનાઓ બાદ આ અઠવાડિયે બ્રેન્ટ ક્રુડના ભાવમાં 14 ટકાથી વધુનો વધારો થયો હતો. તેલના ભાવમાં વધારાના કારણે મોંઘવારીની આશંકા વધુ તીવ્ર બની છે. જો ફુગાવો વધે છે, તો યુએસ ફેડરલ રિઝર્વ સહિત વિશ્વની અન્ય કેન્દ્રીય બેંકો લાંબા સમય સુધી વ્યાજ દરને ઊંચા સ્તરે રાખી શકે છે. તેની સીધી અસર સોનાના ભાવ પર પડે છે. ફોરેક્સ ડોટકોમના માર્કેટ નિષ્ણાતનું કહેવું છે કે, તાજેતરના ઘટાડા દરમ્યાન કેટલાક રોકાણકારોએ નફો પણ લીધો છે. તેમનું માનવું છે કે, જો ક્રુડના ભાવમાં વધુ વધારો થશે તો મોંઘવારી અને વ્યાજદરની અપેક્ષા પણ વધશે, જે સોના પર દબાણ જાળવી શકે છે. આ સિવાય મજબૂત ડોલરના લીધે પણ સોના-ચાંદીમાં દબાણ જોવા મળ્યું હતું.

વેટ કાયદાની ITC જો GSTમાં.. તબદીલ કરી દીધી હોય તો... તેનુ GSTમાં રિફંડ ન મળી શકે...

નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

અગાઉના વેટ કાયદાની ન વપરાયેલ ITC જો GSTમાં તબદીલ કરી દીધી હોય અને તે ન વપરાયેલ હોય તો... તેનું GSTમાં રિફન્ડ ન મળી શકે એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે ખેર ના ગુજરાત હાઈકોર્ટના દિલીપ બાબુભાઈ પટેલ વિ. ગુજરાત રાજ્ય સ્પે.સી. એપ્લી નં. 216થી 2019ના તા. 29-6-2026ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત

અરજદાર દ્વારા વેટ કાયદા હેઠળ તા. 30-6-27ના રોજ ન વપરાયેલ રૂ. 23,74,389ની ITC GSTમાં ફોર્મ ટ્રાન-1 ભરીને તબદીલ કરવામા આવી. વેપારીના જ ધંધામાં GSTમાં ઈન્પૂટનો દર આઉટપૂરના દર કરતા ઊંચો હોવાથી ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર થતુ હતુ. જેથી વેપારી પાસે રૂ. 28,54,987ની ન વપરાયેલ ITC હતી. જેમાં વેટમાંથી તબદીલ થયેલ ITCનો સમાવેશ થતો હતો. વેપારીએ રૂા. 23,50,000ના રિફન્ડ માટે અરજી કરી પરંતુ અધિકારીએ રૂા.ફ. 475324નુ રિફન્ડ આપ્યું અને બાકીનું રૂા. 18,74676નું રિફન્ડ નામંજૂર કર્યું. તો વેપારીને તપાસ કરતા જાણવા મળ્યું કે નામંજૂર રિફન્ડ વેટની તબદીલ

કાયદાની કેડીએ...
ઈશ્વર ફૂલાલ

કરેલ કરેલ ITCનુ હતું. અધિકારીના આ નિર્ણયને વેપારી દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી પડકારવામા આવ્યો.

દલીલ...

વેપારીના વિધ્વાન એડવોકેટે દલીલ કરતા જણાવ્યું કે અગાઉના ન વપરાયેલ ITC તબદીલ કરવામા કલમ 140ની જોગવાઈનો આધાર અગાઉની ITCને જીએસટીમાં પણ જાળવી રાખવાનો છે અને તેથી જો રિફન્ડ ન આપવામાં આવે તો... કલમ 140નો ઉદ્દેશ માર્યો જશે. તો... મંજૂર કરવામાં આવેલ રિફન્ડની રકમ વેપારી જ ઈલે. લેજરમા પાછી જમા કરાવી જોઈએ.

ચૂકાદો...

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે કલમ 49(4) મુજબ ઈલે. લેજરમાં જમા રકમને જીએસટીની જવાબદારી ચૂકવવામાં ઉપયોગમાં લઈ શકાય છે. જ્યારે કલમ 54(3)માં બે સંજોગોમાં રિફન્ડ મળી. શકે છે. ના. હાઈકોર્ટના મે. કલમ 58માં જીએસટી કાયદાની ન વપરાયેલ ક્રેડિટનુ રિફન્ડ આપવાની જોગવાઈ છે અને તેમા અગાઉના કાયદાની તબદીલ થઈને જીએસટીમા આવેલ આઈટીસીનો જીએસટી ચુકવવા ઉપયોગ કરી શકાય પરંતુ તેનુ રિફન્ડ ન મળી શકે.

કરદાતા એકવાર ન વપરાયેલ ITC જીએસટીમાં તબદીલ કરે અને બીજી બાજુ જીએસટીમા રિફન્ડ તેવી ITCનુ રિફન્ડ માંગે તેવા બંને વિકલ્પો ઉપયોગ ન કરી શકે. કાંતો તેઓએ અગાઉના કાયદાની ન વપરાયેલ ITCનુ તે કાયદામાં રિફન્ડ માંગવું પડે. અથવા જીએસટીમાં તબદીલ કરવી પડે. જો તેઓ જીએસટીમા રિફન્ડ ન માંગી શકે અને આ અર્થઘટનને કલમ 142/36 અને તેના બીજા પ્રોવિઝન સમર્થન મળે છે તો... નો.હાઇકોર્ટે ખાતાના તા. 15-3-18ના સરક્યુલરની નોંક લીધી જેમાં વેટ કાયદાના તબદીલ થયેલ ટેક્ષ ક્રેડિટનુ રિફન્ડ ન મળ શકે તેવી ચોખવટ છે. તો રિફન્ડ નામંજૂર થતા... વેપારીની ITC તેના ઈલે. ક્રેડિટ લેજરમા પરત જતા કરવાની રજૂઆતનો સ્વીકાર કરી 12 અઠવાડિયામા તમે કરવા અધિકારીને ફરમાવ્યું.